# પ્રકરણ-૧

## શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન

# શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન

- વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ પર ભાર
- પ્રતિભાઓને ઓળખી તેનો વિકાસ કરવાની તક
- જીવન કૌશલ્યો, વલણો, મૂલ્યો વગેરેનો હકારાત્મક દિશામાં વિકાસ
- વિદ્યાર્થી સ્વયં પ્રયત્નશીલ બને
- વિદ્યાર્થીના સર્વાંગી વિકાસને રચનાત્મક પધ્ધતિથી ચકાસવાની પ્રક્રિયા
- પરિક્ષાલક્ષી શિક્ષણને બદલે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે જરૂરી શિક્ષણલક્ષી મૂલ્યાંકન પર ભાર

# શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન

- મૂલ્યાંકન એ શિક્ષણ-પ્રશિક્ષણનુ એક મહત્વનું અંગ
- સ્વઅધ્યયન અને સ્વમૂલ્યાંકન દ્વારા સર્વાંગી વિકાસ તરફ પ્રયાણ
- કચાસને ઓળખી દૂર કરવા સુધારાત્મક અને ઉપચારાત્મક શિક્ષણની પ્રકિયા

# શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના હેતુઓ

- ગોખણપટ્ટીને બદલે વિવિધ કૌશલ્યોનો વિકાસ
- બિનજરૂરી માનસિક તણાવ દૂર થાય
- વિચારવાની અને વિચારો વિસ્તારવાની પૂરતી તક
- ક્રિયાત્મક શિક્ષણ મેળવે
- સંશોધનાત્મક અભિગમ કેળવાય
- વિદ્યાર્થી સ્વઅધ્યયન અને સ્વમૂલ્યાંકન કરતો થાય
- વ્યવહારિક ઉપયોગિતા સાથે શિક્ષણને સાંકળવામા આવે

# શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના હેતુઓ

- નિદાનાત્મક અને ઉપચારાત્મક શિક્ષણ વડે શિક્ષણની પ્રક્રિયા વધુ સુદૃઢ બને
- નવીન પદ્ધતિઓ વિકસાવવાની તક મળે
- વિદ્યાર્થીઓમા રહેલી સુષૂપ્ત શકિતઓને ઓળણી અને વિકસાવવી

# શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનમાં ધ્યાનમાં રાખવાની બાબતો

- વિષયવસ્તુને વિવિધ એકમોમાં જુદા પાડી દરેક એકમ સ્પષ્ટ પણે સમજાય એ રીતે સરળ ભાષામાં સમજૂતી આપવી
- કેવા પ્રકારની પ્રવૃતિ દ્વારા શિક્ષણ આપી શકાય તેનુ આયોજન
- દરેક શિક્ષકે આત્મસૂઝથી દરેક એકમ માટે પોતાની પ્રવૃતિ વિકસાવવી
- કોઇ એકમ વિદ્યાર્થીઓને સ્પષ્ટ થતો નથી તેવુ જણાય ત્યારે ઉપચારાત્મક શિક્ષણ
- જીવન કૌશલ્યો જેવા કે સામાજિક, સાંવેગિક અને વૈચારિક કૌશલ્યોનો વિકાસ થાય તે માટે પ્રયત્નો

# શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનમાં ધ્યાનમાં રાખવાની બાબતો

- વિદ્યાર્થીમાં મૂલ્યોનો વિકાસ થાય તે માટેના પ્રયત્નો
- વિદ્યાર્થી-શિક્ષક-કર્મચારી-વાલી અને સાથે દરેકનો પરસ્પર અભિગમ ઉદાહરણરૂપ હોવો જોઇએ
- હકારાત્મક વલણો વિકસે તે માટે ઘટનાઓ, ટૂકી વાર્તાઓ , રોજબરોજની ઘટનાઓ તેની અસરોનો ઉલ્લેખ

# સર્વાંગી વિકાસના માળખાની ચિત્રાત્મક રજૂઆત



# પ્રકરણ-૨

## શૈક્ષણિક વિષયોનું શિક્ષણકાર્ય

# શૈક્ષણિક વિષયોનું શિક્ષણકાર્ય

- વિદ્યાર્થીની બુદ્ધિમત્તા અથવા મગજ સાથે જોડાયેલી બાબતોનો સમાવેશ શૈક્ષણિક ક્ષેત્રમાં થાય છે.
- અભ્યાસક્રમનાં વિષયો, એસાઇન્મેન્ટ,પ્રોજેક્ટવર્ક,પ્રાયોગિક કાર્ય,મૌખિકકાર્ય વગેરેના મૂલ્યાંકનનો સમાવેશ શૈક્ષણિક ક્ષેત્રમાં થાય છે.

# શૈક્ષણિક ક્ષેત્રના વિષયો

## મુખ્ય સાત વિષયો

૧.પ્રથમ ભાષા
૨.દ્વિતીય ભાષા
૩.હિન્દી
૪.સંસ્કૃત
૫.ગણિત
૬.વિજ્ઞાન અને ટેક્નોલોજી
૭.સામાજિક વિજ્ઞાન

## વૈકલ્પિક વિષયો

૧.યોગ, શા.શિક્ષણ
૨.ચિત્ર/સંગીત
૩.કમ્પ્યૂટર પરિચય
૪.કૃષિ/ગૃહવિજ્ઞાન/ડેરી/ટેકનીકલ

# મુખ્ય વિષયોનું શિક્ષણ

- સર્વાંગી શિક્ષણ વિના સર્વાંગી મૂલ્યાંકન શક્ય નથી.
- સર્વાંગી શિક્ષણ માટે ગોખણપટ્ટીને બદલે વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય તેવું શિક્ષણ આપવું જોઇએ.
- વિષયવસ્તુનાં સંબંધિત એકમમાં સમજશકિત કેળવાય, જ્ઞાનનો ઉપયોગ કરતાં શીખે, વિશ્લેષણ કરતાં શીખે, વિવિધ પરિસ્થિતીમાં સ્વમૂલ્યાંકન કરતાં શીખે.

# શૈક્ષણિક સિદ્ધિ માટેનાં હેતુઓ:

- જ્ઞાન
- સમજ
- ઉપયોજન
- વિશ્લેષણ
- સમીક્ષાત્મક મૂલ્યાંકન
- રચના
- સામાન્યીકરણ
- સર્જન

# શિક્ષકે ધ્યાનમાં લેવાની બાબતો

- પૂર્વભૂમિકા:વિષયવસ્તુનાં એકમને અનુરૂપ પૂર્વભૂમિકા બાંધવી,એકમને અનુરૂપ ટૂંકી વિગતો આપવી,એકમને સમજાવવા માટે અગાઉનાં ધોરણનો સંદર્ભ આપવો.
- ઊ.દા.દાંડીકૂચનો એકમ સમજાવતાં પહેલાં ઇતિહાસમાં એવી કઇ ઘટનાઓ બની જેનાં કારણે ગાંધીજીએ દાંડીકૂચ કરવી પડી.દાંડીકૂચ કરવાથી ગાંધીજી કયા હેતુઓ સિદ્ધ કરવા માંગતા હતા તેની ટૂંકી વાર્તા સ્વરૂપે વિગતો આપી દાંડીકૂચનાં પ્રસંગની ઐતિહાસિક ઘટના સમજાવી શકાય.
- અભ્યાસક્રમના કોઇ એકમનું શિક્ષણ આપતા પહેલાં તેનો સબંધ વાસ્તવિક જીવન અને વ્યાવહારિક બાબતો સાથે જોડી ઉપયોગિતા સમજાવવી.

# શિક્ષકે ધ્યાનમાં લેવાની બાબતો

- જે એકમોનો સબંધ જીવન કૌશલ્યો, વલણો, મૂલ્યો સાથે હોય તે સબંધને સ્પષ્ટ કરવા. વિદ્યાર્થીને સાદો ખ્યાલ આપવો.
- ઉ.દા. તરીકે રકતદાનનો એકમ: શરીરમાં રકતનું મહત્વ રકતદાનથી ગંભીર અકસ્માત કે ગંભીર રોગથી પીડીત વ્યકિતનો જીવ બચાવી શકાય.
- રકતદાન કરનારને તે સમયે કોઇ પીડા થતી નથી કે શારિરીક નુકસાન થતું નથી. રકતદાન કર્યા બાદ બહુ જ ઓછા સમયમાં શરીરમાં રકતનું પુન: સર્જન થાય છે વગેરે બાબતો સમજાવી રકતદાન કરવા માટે પ્રેરી શકાય.

# વિષય વસ્તુનું વિશ્લેષણ

- એકમને અનુરૂપ અપરિચિત શબ્દોની યાદી તૈયાર કરવી.
- વિષય વસ્તુને ધ્યાનમાં રાખી આવા શબ્દોનો અર્થ સરળ ભાષામાં સમજાવવા.
- ઉ.દા. ઘણિત વિષયમાં વર્તુળનો એકમ ભણાવતા પહેલાં તેમાં આવતા શબ્દો જેવાં કે વર્તુળ, ત્રિજયા, વ્યાસ, અંત્યબિંદુઓ, રેખાખંડ, કેન્દ્ર, જીવા, પરિવૃત, લંબદ્વિભાજક, ચાપ, ચક્રીયચતુષ્કોણ વગેરે જેવા શબ્દો સરળ ભાષામાં અને જરૂર જણાય ત્યાં ચિત્રો, ચાર્ટ, આકૃતિ વગેરેના ઉપયોગથી સમજાવી શકાય.

# વિષય વસ્તુનું વિશ્લેષણ

- વિષય વસ્તુનું વિશ્લેષણ કરવાથી સંબધિત એકમના પાયાના ખ્યાલો સ્પષ્ટ થાય છે.
- વિષય વસ્તુ પરત્વે હકારાત્મક અભિગમ કેળવવા માટે પણ આ બાબત ખૂબ મહત્વની છે.

# એકમનું શિક્ષણકાર્ય

- અભ્યાસક્રમના નિશ્ચિત એકમની પૂર્વ ભૂમિકા બાંધી તેનું વિશ્લેષણ કર્યા બાદ જે તે એકમનું શિક્ષણકાર્ય શરૂ કરવું જોઇએ.
- એકમ કઇ પદ્ધતિથી અને કેવા પ્રકારના શૈક્ષણિક સાધનોના ઉપયોગથી ભણાવવો તેનું આયોજન શિક્ષકે અગાઉથી કરી લેવું જોઇએ.
- કેટલાક અમૂર્ત ખ્યાલો શૈક્ષણિક સાધનોની મદદથી સમજાવવું અશક્ય હોય ત્યાં નાટ્યાત્મક શૈલી અને હાવ-ભાવથી વધુ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરવો.

# એકમનું શિક્ષણકાર્ય

- એકમને વધુ સ્પષ્ટ કરવા કમ્પ્યૂટર, પ્રોજેક્ટર, ઈન્ટરનેટ અને વિવિધ પ્રકારની સીડીઓનો ઉપયોગ કરવો.
- ભાષા શિક્ષણ દરમ્યાન એકમમાં રહેલા ભાવ- રસને જાગૃત કરે તેવાં હાવ-ભાવ, આરોહ-અવરોહ કરૂણ હાસ્ય, વીરરસ વગેરેને વર્ગખંડમાં આબેહૂબ ઉભું કરી સમજાવી શકાય.
- શૈક્ષણિક વિષયના એકમને અનુરૂપ સહશૈક્ષણિક પ્રવૃત્તિ અને ક્ષેત્રનો સમાવેશ થાય તેવું કાર્ય સોંપી વિદ્યાર્થીઓને પ્રાત્સાહિત કરવા.

# એકમનું શિક્ષણકાર્ય

- વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્યના આધારે સૈધ્ધાંતિક નિયમો તારવે તેવો પ્રયત્ન કરવો.
- વૈકલ્પિક વિષયોમાં પ્રાયોગિક કાર્યને વધુ મહત્વ આપી વિદ્યાર્થીઓમાં સૈધ્ધાંતિક કાર્ય અંગેની સમજ વિકસે તેવો પ્રયત્ન કરવો.

# શૈક્ષણિક કાર્યનું નિદાન

- કોઇ એકમનું શિક્ષણકાર્ય પૂર્ણ થયા બાદ તે એકમ વિદ્યાર્થી યોગ્ય રીતે સમજી શકયો  છે કે કેમ ?  તે શિક્ષક વિવિધ પ્રકારની રચનાત્મક પ્રવિધિઓથી તેનું મૂલ્યાંકન કરશે.

# ઉપચારાત્મક શિક્ષણ

- નિદાન કાર્ય બાદ વિદ્યાર્થીમાં રહેલી સિધ્ધિ તેમજ કચાશ જાણી તે અંગેનું ઉપચારાત્મક શિક્ષણ આપવું જોઇએ.
- શિક્ષણનું ધ્યેય વિદ્યાર્થીને નિશ્ચિત સ્થળ સુધી લઇ જવાનું છે. મૂલ્યાંકન દ્રારા તેનામાં રહેલી કચાશને દૂર કરવા ઉપચારાત્મક શિક્ષણ આપ્યા બાદ તેની અસરો ચકાસવા પુનઃ મૂલ્યાંકન કરવાનું રહેશે.

# પ્રકરણ - 3

## શૈક્ષણિક વિષયો નું મૂલ્યાંકન

# મૂલ્યાંકન એટલે શું?

- “Evalution is a process of collecting , analysing and Interpreting evidence, concerning pupil achievement for the purpose of making a veriety of decisions.”
- વિવિધ પ્રકારના નિર્ણય કરવાના હેતુથી વિદ્યાર્થીઓની (ઉપલબ્ધિ) ને લગતા પુરાવાઓ એકત્ર કરવા, પૃથક્કરણ કરવા અને તેનું અર્થઘટન કરવાની પ્રક્રિયા એટલે મૂલ્યાંકન.
- શિક્ષણની પ્રક્રિયા દરમિયાન વિવિધ પરિબળોની ક્ષમતા, પ્રભાવશિલતા અને પરિણામોના વિશ્લેષણ વ્યાખ્યાયિત કરવાની પ્રક્રિયા એટલે મૂલ્યાંકન.

# શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના પ્રકાર

- શૈક્ષણિક મૂલ્યાંકન
- શહ શૈક્ષણિક મૂલ્યાંકન




- ત્રણ પ્રકારના મૂલ્યાંકન
  - રચનાત્મક મૂલ્યાંકન (Formative Assessment - FA)
  - સત્રાંત મૂલ્યાંકન (Summative Assessment - SA)
  - અવલોકનના આધારે નિર્દેશકો (Indicators through observation)

# શૈક્ષણિક મૂલ્યાંકન (Scholastic Evaluation)

## મુખ્ય ૭ વિષયો માટે વિભાગ-૧ ( અ )

| સત્ર | ક્રમ | મૂલ્યાંકન માટેનો સમયગાળો | મૂલ્યાંકનનો પ્રકાર | ગુણભાર | સત્ર પ્રમાણે ગુણ | શૈ. વર્ષના કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| પ્રથમ | 1 | ૨૧ જૂન થી ૧૫ ઓગસ્ટ | FA-1 | 10% | 50% | 100% |
| | 2 | ૧૬ ઓગસ્ટ થી ૩૦ સપ્ટેમ્બર | FA-2 | 10% | | |
| | 3 | ૧ ઓક્ટોમ્બર થી ૧૫ ઓક્ટોમ્બર | SA-1 | 30% | | |
| દ્વિતિય | 4 | ૧૬ ઓક્ટોમ્બર થી ૧૫ જાન્યુઆરી | FA-3 | 10% | 50% | |
| | 5 | ૧૬ જાન્યુઆરી થી ૩૧ માર્ચ | FA-4 | 10% | | |
| | 6 | ૫ એપ્રિલ થી ૨૦ એપ્રિલ | SA-2 | 30% | | |

# શૈક્ષણિક મૂલ્યાંકન (Scholastic Evaluation)

## વૈકલ્પિક ૩ વિષયો માટે વિભાગ-૧ (બ)

| સત્ર | ક્રમ | મૂલ્યાંકન માટેનો સમયગાળો | મૂલ્યાંકનનો પ્રકાર | ગુણભાર | સત્ર પ્રમાણે ગુણ | શૈ. વર્ષના કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| પ્રથમ | 1 | ૨૧ જૂન થી ૧૫ ઓગસ્ટ | FA-1 | 15% | 50% | 100% |
| | 2 | ૧૬ ઓગસ્ટ થી ૩૦ સપ્ટેમ્બર | FA-2 | 15% | | |
| | 3 | ૧ ઓક્ટોમ્બર થી ૧૫ ઓક્ટોમ્બર | SA-1 | 20% | | |
| દ્વિતિય | 4 | ૧૬ ઓક્ટોમ્બર થી ૧૫ જાન્યુઆરી | FA-3 | 15% | 50% | |
| | 5 | ૧૬ જાન્યુઆરી થી ૩૧ માર્ચ | FA-4 | 15% | | |
| | 6 | ૫ એપ્રિલ થી ૨૦ એપ્રિલ | SA-2 | 20% | | |

# રચનાત્મક મૂલ્યાંકન

- વિદ્યાર્થીને શીખવવામા આવેલ અભ્યાસક્રમના કોઇ ચોક્કસ એકમનુ ભય વિનાના અને પ્રોત્સાહક વાતાવરણમાં રચનાત્મક પધ્ધતિથી કરવામાં આવતુ મૂલ્યાંકન એટલે રચનાત્મક મૂલ્યાંકન.
- રચનાત્મક મૂલ્યાંકનનો મુખ્ય હેતુ અભ્યાસક્રમનુ કોઇ ચોક્કસ એકમનુ શિક્ષણ કાર્ય કર્યા બાદ વિદ્યાર્થીને તે કેટલા અંશે સમજાયુ છે તેનુ નિદાન કરવાનુ અને સંબંધિત એકમમા નિશ્ચિત સ્તર સુધી વિદ્યાર્થીઓને જવા માટે કેટલી કચાસ રહી છે તેનુ મૂલ્યાંકન શિક્ષક જાતે કરી ઉપચારાત્મક શિક્ષણ આપવા માટેની પૂર્વ ભૂમિકા તૈયાર કરવાનો છે.

# રચનાત્મક મૂલ્યાંકન

- અભ્યાસક્રમના કોઇ ચોકકસ મુદ્દામાં કરવામાં આવેલ શિક્ષણકાર્ય વિદ્યાર્થીને કયા સ્તર સુધી લઇ જવા માટે છે અને કયા સ્તર સુધી વિદ્યાર્થી પહોંચ્યા છે? તેનો નિર્ણય રચનાત્મક મૂલ્યાંકન દ્વારા શિક્ષક જાતે કરી શકે છે.
- વિદ્યાર્થીને જે સ્તર સુધી લઇ જવો છે તેમાં કેટલી કચાશ રહી છે તેનુ નિદાન રચનાત્મક મૂલ્યાંકન દ્વારા શિક્ષક જાતે કરી શકે છે.
- અભ્યાસક્રમના કોઇ ચોકકસ એકમનું શિક્ષણકાર્ય પૂર્ણ થયા બાદ કરવામા આવતા રચનાત્મક મૂલ્યાંકન દ્વારા કયા સ્તર સુધી વિદ્યાર્થી પહોંચ્યા છે? તેમાં કેટલી કચાશ રહી છે તેનુ મૂલ્યાંકન શિક્ષક અને વિદ્યાર્થી બંને કરી શકે છે.

# રચનાત્મક મૂલ્યાંકન

- રચનાત્મક મૂલ્યાંકન ના આધારે લર્નિંગ ગેપ (નિશ્ચિત સ્તર સુધી પહોંચવામાં રહેલી કચાશ) ને જાણીને કેવા પ્રકારનુ ઉપચારાત્મક શિક્ષણ આપવુ તે શિક્ષક નક્કી કરી શકે છે.
- સંબંધિત એકમમાં ઉપચારાત્મક શિક્ષણ આપ્યા બાદ નિશ્ચિત ધ્યેય સિધ્ધ થયેલ છે કે કેમ તે જાણવા ફરી વખત રચનાત્મક મૂલ્યાંકન શિક્ષક કરશે. આ રીતે અભ્યાસક્રમના દરેક એકમમા નિશ્ચિત થયેલ શૈક્ષણિક સ્તર સુધી વિદ્યાર્થીઓને પહોંચાડવા માટે પ્રયત્ન કરશે.

# રચનાત્મક મૂલ્યાંકન

- રચનાત્મક મૂલ્યાંકની સમગ્ર પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીને નાસીપાસ કરે તેવા શબ્દો, અન્ય વિદ્યાર્થીઓ સાથેની નકારાત્મક તુલના, વિદ્યાર્થીઓમાં હીન ભાવ થાય તેવુ વર્તન, મહેણા-ટોણા વગેરે જેવા નકારાત્મક વલણોથી વિદ્યાર્થીઓને હતોત્સાહી કરવાનો જાણે અજાણે પણ પ્રયાસ ન થાય તેની તકેદારી શિક્ષકોએ ખાસ રાખવી.
- વિદ્યાર્થીઓમાં રહેલી પ્રતિભાને ઓળખીને તેને ખિલવવાનો અને તે પ્રતિભા દ્વારા શૈક્ષણીક સિધ્ધિના નિશ્ચિત ધ્યેય સુધી તેને લઇ જવા માટેનો પ્રયત્ન શિક્ષક કરશે.

# રચનાત્મક મૂલ્યાંકનની પ્રવિધિઓ

- રચનાત્મક મૂલ્યાંકનમાં મૂલ્યાંકન માટે વિવિધ પ્રવિધિઓ જેવી કે પ્રોજેકટ વર્ક, અસાઇનમેન્ટ, કવીઝ, મૌખિક પ્રશ્નો, ચેક લીસ્ટ, પ્રયોગકાર્ય, જૂથચર્ચા, વર્ગકાર્ય, ગૃહકાર્ય અને અવલોકન વગેરે...

# પ્રોજેક્ટ

- વિદ્યાર્થીમાં પાયાની સમજણ ખીલે, વ્યવહારુ ક્ષમતા પ્રાપ્ત કરે, સોંપેલ કાર્યની તમામ બાબતોમાં રસ કેળવે અને ઇચ્છિત વલણોનો વિકાસ થાય તે પ્રકારનુ વ્યકિતગત અથવા જૂથમાં સોંપેલ કાર્ય એટલે પ્રોજેક્ટ.
- ગ્રુપ પ્રોજેક્ટ દ્વારા વ્યકિતગત અને સામાજિક ગુણવતા જેવી કે નેતૃત્વ શકિત, સહકારની ભાવના, વાતચીતનુ કૌશલ્ય, કોઠાસૂઝ, વ્યવસ્થાપન કૌશલ્યો વગેરેનું સહેલાઇથી મૂલ્યાંકન કરી શકાય છે.
- રજૂઆત કૌશલ્ય, તાંત્રિક ક્ષમતા, રચનાત્મક ફાળો અને સમાજશકિતનુ સ્તર વગેરે જેવા માપદંડોના ઉપયોગથી પ્રોજેક્ટનું મૂલ્યાંકન થઇ શકે છે.

# અસાઇનમેન્ટ

- અસાઇનમેન્ટનો અંતિમ ઉદ્દેશ વિદ્યાર્થીઓની શિક્ષણપ્રકિયાને સુદ્દઢ કરવાનો છે.
- અસાઇનમેન્ટના મૂલ્યાંકન દરમિયાન અગાઉથી નકકી કરેલા માપદંડ જેવા કે સમજશકિત, સમયપાલન, લેખન સ્વચ્છતા, વિષયવસ્તુને સંપૂર્ણ ન્યાય, સર્જનાત્મક વગેરેને પૂરતો ન્યાય મળે તેનુ મૂલ્યાંકન થવુ જોઇએ.
- અસાઇનમેન્ટના હેતુઓ અને ચોકકસ વિષયવસ્તુને ન્યાય મળે તે બાબત ધ્યાને લઇ કાળજીપૂર્વક તેનુ માળખુ નકકી થવુ જોઇએ.

# કવીઝ

- બે કે તેથી વધુ જૂથ પાડીને અભ્યાસક્રમના નિશ્ચિત એકમ સાથે સંકળાયેલ વિષયવસ્તુ આધારીત કવીઝનુ આયોજન કરી શકાય.

# મૌખિક પ્રશ્નો

- જેમાં અન્ય પ્રવૃતિને અવકાશ ન હોય તેવા એકમના વિષયવસ્તુમાં સમગ્ર એકમને સમાવી લે તે પ્રકારના મૌખિક પ્રશ્નો પૂછીને મૂલ્યાંકન કરી શકાય છે.

# ચેક લીસ્ટ

- ચોક્કસ એકમના વિષયવસ્તુને આવરી લેતી માહીતીની ચકાસણી થઇ શકે અને હા ના માં જવાબ આપી શકાય તેવા ટૂંકા પ્રશ્નોની યાદી એટલે ચેક લીસ્ટ.

# પ્રયોગકાર્ય

- વિષયવસ્તુના જે એકમમાં પ્રયોગિક કાર્યને પ્રાધાન્ય આપવામાં આવ્યુ હોય તેવા વિષયવસ્તુ પર આધારિત પ્રયોગો વિદ્યાર્થી પાસે કરાવી તેનુ મૂલ્યાંકન કરવું.

# જૂથચર્ચા

- જૂથચર્ચા માટે વિદ્યાર્થીઓ ના એક અથવા એકથી વધુ જૂથ બનાવવા.
- દરેક જૂથને અભ્યાસક્રમના એકમ આધારિત અલગ અલગ મુદ્દાઓ પર ચર્ચા કરવા નિશ્ચિત સમય આપવો.
- જૂથચર્ચા દરમિયાન શિક્ષકે જૂથની બહાર રહીને તેનું મૂલ્યાંકન કરવું.
- જૂથચર્ચામાં વિદ્યાર્થીના નામ, વાતચીતનું કૌશલ્ય, સહકારની ભાવના અને અન્ય વિદ્યાર્થીઓ પ્રત્યેના વલણો,નેતૃત્વ શક્તિ, સમજશક્તિ, તર્કશક્તિ વગેરે જેવા અનેક પાસાઓનું મૂલ્યાંકન કરી શકાય.

# ઈન્ટરવ્યૂ

- આધુનિક યુગમાં સતત બદલાતા જતાં વિશ્વ સાથે કદમ મિલાવી  શકે તેવા માનસિક સશકત અને સતત બદલાતા પ્રવાહોને સહેલાઇથી સમજી શકે તેવા પ્રતિભાશાળી યુવાનો શોધવા માટે મૌખિક ઈન્ટરવ્યૂનું મહત્વ ખુબ વધી રહ્યું છે.
- વિદ્યાર્થીઓ મૌખિક ઈન્ટરવ્યૂ માટે શાળા કક્ષાથી જ સજજ બને તે માટે વ્યકિતત્વના સર્વાંગી પાસાઓને આવરી લેતા ઈન્ટરવ્યૂનુ આયોજન શાળા કક્ષાએ થવુ જોઇએ.
- અભ્યાસક્રમના નિશ્ચિત એકમો આધારિત વિદ્યાર્થીના મૌખિક ઈન્ટરવ્યૂ ગોઠવી શકાય કે જેમાં વિષયવસ્તુનું જ્ઞાન, વલણો, મૂલ્યો, વાક્કૌશલ્યો, નેતૃત્વના ગુણો, વિચાર સરણી, હાવભાવ વગેરે જેવા ગુણોનું મૂલ્યાંકન થઇ શકે છે.

# વર્ગકાર્ય

- શિક્ષણ કાર્ય દરમિયાન વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી માટે પ્રોત્સાહીત કરવા.
- વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીના આધારે વિષયવસ્તુની સાચી દિશાની સમજ છે કે કેમ તેનુ મૂલ્યાંકન કરવુ.

# ગૃહકાર્ય

- ગોખણપટ્ટી, પુનરાવર્તન, બિનજરૂરી, સમજણ વગરનું લખાણ અને માનસિક તણાવ વગેરેને ઉતેજન મળે નહી તેવું પરંતુ વિદ્યાર્થીઓની સમજશકિત, તર્કશકિત, વિચારશકિત વગેરેને વિકસાવે અને તેના આધારે વિષયવસ્તુનુ દ્રઢિકરણ થાય તે પ્રકારનુ ઓયોજનબધ્ધ રીતે અપાયેલુ કાર્ય એટલે ગૃહકાર્ય.
- વર્ગખંડમાં શીખવવામા આવેલ એકમનુ દ્રઢિકરણ થાય અને વિદ્યાર્થીઓમાં “higher order thinking skill (HOTS)” વિકસે તે પ્રકારનુ ગૃહકાર્ય આપવુ.
- ગૃહકાર્યના આધારે વિદ્યાર્થીની ક્ષમતાઓનું મૂલ્યાંકન થઇ શકવું જોઇએ.

# અવલોકન

- અવલોકનએ શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની એક આધારભૂત પ્રવિધિ છે. જેનાથી વ્યકિતગત તથા જૂથમાં વિદ્યાર્થીઓનુ મૂલ્યાંકન થઇ શકે છે.
- વિદ્યાર્થીના વ્યકિતત્વ વિકાસના જુદાજુદા પાસાઓની માહિતી મળે છે.
- સમયાંતરે અવલોકન દ્વારા માહિતીનુ એકત્રીકરણ, સંકલન, અને વિશ્લેષણ કરીને વિદ્યાર્થીના જ્ઞાન અને ક્ષમતાનુ ચિત્ર રજૂ કરી શકાય છે.
- શિક્ષકના પૂર્વગ્રહ કે અનુમાન આધારિત કરેલ અવલાકન કે આ પદ્ધતિની મુખ્ય મર્યાદા છે.

# સત્રાંત પરીક્ષા

- દરેક સત્રને અંતે લેવાનાર પરીક્ષાને સત્રાંત પરીક્ષા કહે છે. આ પરીક્ષા આપણી પ્રણાલિકાગત પરીક્ષા જેવી પેન, પેન્સિલ, પેપર નો ઉપયોગ કરી લેવાની રહેશે.
- આ પ્રકારની પરીક્ષામાં ગોખણપટ્ટીને બદલે સમજશકિત, વિશ્લેષણાત્મક શકિત, સર્જનાત્મક શકિત વગેરે ચકાસી શકાય તે પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરવો.
- સત્રાંત પરીક્ષા માટે બોર્ડે નક્કી કરેલ પ્રશ્નપત્ર પરિરૂપ મુજબના અને નીચે દર્શાવેલ પ્રશ્નોના પ્રકાર સહિતના વિવિધતાપૂર્ણ પ્રશ્નોની રચના વડે મૂલ્યાંકન કરવું.

# પ્રશ્નોના પ્રકાર

| અતિ ટૂંક જવાબી પ્રશ્નો | ટૂંક જવાબી પ્રશ્નો | વર્ણનાત્મક પ્રશ્નો |
|---|---|---|
| • બહુ વિકલ્પી પ્રશ્નો | • એક વાકયમાં જવાબ | • ચર્ચા કરો. |
| • ખાલી જગ્યા | • કારણ આપો | • સમજાવો. |
| • એક શબ્દ માં જવાબ | • સમજ, વ્યાખ્યા આપો. | • ટૂંકનોંધ લખો. |
| • નકશામાં સ્થાન બતાવો | • ટૂંકનોંધ લખો. | • નિબંધ |
| • વિરોધી શબ્દો | • સંકલ્પના સમજાવો | • પાત્રલેખન |
| • સમાનાર્થી શબ્દો | • ઘટનાનો ક્રમ સમજાવો | • શ્લોકનુ ભાષાંતર |
| | • વિધાન સમજાવો | • ફકરાનુ ભાષાંતર |
| | • અધૂરુ વાકય પૂર્ણ કરો. | • અર્થ સ્પષ્ટ કરો |
| | • વાકયના પ્રકાર બદલો | • પત્રલેખન |
| | • ચિત્રાત્મક પ્રશ્નો | • અહેવાલ લેખન |
| | • ફકરા પરથી પ્રશ્નોના જવાબ | • નામ નિર્દેશ વાળી આકૃતિ |
| | • તફાવત જણાવો. | • અર્થવિસ્તાર |
| | | • ફકરાનો સારાંશ |

# નિર્દેશકો

- સમગ્ર સત્ર દરમિયાન વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલ ક્ષમતાઓ, કૌશલ્યોનો ટૂંક સાર આપી શકાય તે પ્રકારના નિર્દેશકો હોવા જોઇએ.
- નિર્દેશકોમાં વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરતી હકારાત્મક બાબતોનો જ સમાવેશ કરવો.નિર્દેશકોને કારણે એક વિદ્યાર્થીને અન્ય સાથે સરખામણી ન થાય ,વિદ્યાર્થીને હતોત્સાહ કરે તેવા શબ્દો કે વાકયોનો પ્રયોગ ન થાય અને વિદ્યાર્થીની નબળાઇનો ઉલ્લેખ ન થાય તેની ખાસ કાળજી લેવી.
- નિર્દેશકો વાસ્તવિક હોવા જોઇએ.
- નિર્દેશકોમાં અલંકારિક શબ્દો, બિનજરૂરી પ્રશંસા કે અતિશયોકિતનો ઉલ્લેખ ન થાય તે ખાસ જોવું.

# નિર્દેશકો

- નિર્દેશકો એવા હોવા જોઇએ કે જેના આધારે સંબંધિત વિષયમાં વિદ્યાર્થીની ક્ષમતાઓ ,કૌશલ્યોનો સામાન્ય પરિચય મળી રહે.
- વિદ્યાર્થીએ શાળામાં અને બહાર સંબંધિત વિષયમાં મેળવેલ સિદ્ધિઓનો ઉલ્લેખ નિર્દેશકોમાં કરવો.
- શાળા બહાર પ્રવૃતિ માટે નિર્દેશકો લખતા પહેલાં તે સિદ્ધિની ખરાઇ અવશ્ય કરવી.
- વિદ્યાર્થીના વિકાસ માટે જરૂરી એવા સંબંધિત અમૂર્ત ખ્યાલો, વલણો વગેરેને નિર્દેશકોમાં આવરી લાવા પ્રયત્ન કરવો.
- જે નિર્દેશક લખવામા આવે તે માટેના વ્યાજબી કારણો અને પુરાવાઓ શિક્ષક પાસે હોવા જોઇએ.

# નિર્દેશકો

- નિર્દેશક લખવામા જાણે - અજાણે વિદ્યાર્થી પ્રત્યે પૂર્વગ્રહો અને ધારણાઓ પ્રગટ ન થાય તેની ખાસ કાળજી રાખવી.
- નિર્દેશકા નિ:પક્ષ અને સચોટ તારણ સર્શાવતા હોવા જેઇએ.
- નિર્દેશકોના ઉદાહરણ માટે અનુસૂચિ નંબર.... જોવા વિનંતી.